# ક્વોરી લીઝ મંજુર કરવા માટે ઓક્શન પ્રક્રિયાનો પરિચય

**બિડર્સ માટે માર્ગદર્શક પુસ્તિકા**

बहुरत्ना वसुंधरा

**ભુસ્તર વિજ્ઞાન અને ખનિજ કમિશ્નર**
**બ્લોક નં-૧, ૭ મો માળ, ઉદ્યોગભવન**
**સેક્ટર-૧૧, ગાંધીનગર, ગુજરાત-૩૮૨૦૧૧**

## ઈ-હરાજી પ્રક્રિયાનુ પ્રારંભિક

- કમિશ્નરશ્રી ભુસ્તર વિજ્ઞાન અને ખનિજ અથવા સંબંધિત જિલ્લા કલેક્ટરશ્રી દ્વારા નોટીસ ઈન્વાઈટીંગ ટેન્ડર બહાર પાડ્યેથી ઈ-હરાજીની પ્રક્રિયા શરૂ થશે.
- નોટીસ ઈન્વાઈટીંગ ટેન્ડર (NIT) નીચે મુજબ ના માધ્યમથી ઉપ્લબ્ધ થશે.

– બે સ્થનિક દૈનિક સમાચારપત્રોમાં જાહેરાત (અંગ્રેજી અને ગુજરાતી ભાષામાં)

– કમિશનરશ્રી ભુસ્તરવિજ્ઞાન અને ખનિજ, ગાંધીનગરની વેબસાઇટ.

– ઈલેક્ટ્રોનિક ઓક્શન પોર્ટલ.

– લાગુ પડતી જિલ્લા ભુસ્તરશાસ્ત્રી/મદદનિશ ભુસ્તરશાસ્ત્રીશ્રી, મામલતદારશ્રી, નાયબ કલેક્ટરશ્રી અને જિલ્લા કલેક્ટરશ્રીની કચેરીઓમાં ગુજરાતી અને અંગ્રેજી ભાષાઓમાં નોટીસ.

નોટીસ ઈન્વાઈટીંગ ટેન્ડર (NIT) માં દરેક ગૌણ ખનિજ બ્લોકની માટે ટુંકમાં વિગતો દર્શાવેલ હશે જેવી કે

– ક્વોરી લીઝની હરાજી કરવામાં આવી રહી છે તેનો વિસ્તાર.

– ખનિજનો જથ્થો અને ગુણવત્તા.

– અંતિમ વપરાશકર્તા માટે જો કોઇ અનામત રાખેલ હોય તો.

– ખાસ નિયમો અને શરતો , જો કોઇ હોય તો .

– અનુસુચિત વિસ્તારને લગતી શરતો, જો કોઇ હોય તો.

– ટેન્ડર દસ્તાવેજ વગેરેના વેચાણની શરૂઆત / સમાપ્તિ તારીખ જેવી મહત્ત્વની તારીખો

## નિ:શુલ્ક દસ્તાવેજો

- નીચે જણાવેલ દસ્તાવેજો કોઈ પણ પ્રકારના રજિસ્ટ્રેશન અથવા કોઈપણ પ્રકારની રકમની ચુકવણી કર્યા વગર કોઈપણ વ્યક્તિ/કંપની દ્વારા ડાઉનલોડ કરવા માટે ઈ-ઑક્શન પોર્ટલ પર નિ:શુલ્ક ઉપલબ્ધ થશે.

– નોટીસ ઈન્વાઈટીંગ ટેન્ડર (NIT)

– ખનિજ બ્લોકનો સારાંશ

– મોડલ ટેન્ડર ડોક્યુમેન્ટ

- આ દસ્તાવેજોમાં દર્શાવેલ માહિતિ જેવી કે હરાજી પ્રક્રિયા, નિયમો અને શરતો, સમયરેખા વગેરે આધારે રસ ધરાવતા બિડરો તેમના હિતનું મૂલ્યાંકન કરી શકે છે.

## નોંધણી/રજિસ્ટ્રેશન ની પ્રક્રિયા

- જાહેર ક્ષેત્રમાં ઉપલબ્ધ દસ્તાવેજોની સમીક્ષા કર્યા પછી, રસ ધરાવતા બિડર્સ ઈ-હરાજી પોર્ટલ પર જરૂરી દસ્તાવેજો જમા કરીને નીચેની બાબતો માટે રજીસ્ટર થઈ શકે છે.
  - ઈ-હરાજીમાં ભાગ લેવા લોગઈન (login) અને પાસવર્ડ મેળવવા
  - ચોક્કસ બ્લોકનુ ટેન્ડર ડોક્યુમેન્ટ ખરીદવા માટે સક્ષમ હોવુ
- રસ ધરાવનાર બિડર્સે ઈ-ઑક્શન પોર્ટલ પર રજીસ્ટ્રેશન કરવા માટે નીચેના દસ્તાવેજો હાથવગા રાખવાના રહેશે.
  - ઓળખ અને રહેણાંક પુરાવા સંબંધિત દસ્તાવેજો
  - પાન કાર્ડ, GST રજીસ્ટ્રેશન સર્ટિફિકેટ અને અન્ય સંબંધિત દસ્તાવેજો

રજિસ્ટ્રેશન પ્રક્રિયા સમજાવતા દસ્તાવેજ ઈ-હરાજી પોર્ટલ પર ઉપલબ્ધ રહેશે અને કોઈ પણ પ્રકારની મુશ્કેલી માટે બીડરો ઈ-હરાજી પોર્ટલના હેલ્પડેસ્કનો સંપર્ક કરી શકે છે.

## ટેન્ડર ફી અને ખરીદવાના દસ્તાવેજો

- ઈ-હરાજી પોર્ટલ પર રજિસ્ટ્રેશન કર્યા પછી, રસ ધરાવનાર બિડર્સ નિશ્ચિત ટેન્ડર ફીની ચુકવણી કરી તેની પસંદગીના ચોક્કસ ખનિજ બ્લોકના ટેન્ડર ડોક્યુમેન્ટ ને ખરીદી શકે છે.
- નીચે મુજબના ખરીદવાના દસ્તાવેજો ઈ-હરાજી પોર્ટલમાંથી ડાઉનલોડ કરવા માટે ઉપલબ્ધ રહેશે.
  - હરાજીની પ્રક્રિયામાં ભાગ લેવા માટે ચોક્કસ બ્લોકનુ ટેન્ડર ડોક્યુમેન્ટ.
  - ખનિજોની વિગતો, અંદાજિત જથ્થો, ગુણવત્તા, ગ્રેડ, સંશોધનની વિગતો વગેરે દર્શાવતો ભૂસ્તરીય રીપોર્ટ (Geological Report).
  - ગામતળનો નકશો અને જમીનની વિગતો (દા.ત. સરકારી જમીન,જંગલ વિસ્તારની જમીન અને ખાનગી જમીન.)
  - પહેલેથી ઉપલબ્ધ ક્લિયરન્સની સુચી, અને સફળ બિડર્સ દ્વારા મેળવવાના ક્લિયરન્સની સુચીત યાદી.

- ઉપરના દસ્તાવેજોના આધારે રસ ધરાવતા બિડર્સ ચોક્કસ ખનિજ બ્લોક માટે તેમની યોગ્યતા અને જરૂરી રકમની ચુકવણીનુ મૂલ્યાંકન કરી શકે છે.
- બ્લોકને લગતા ટેન્ડર ડોક્યુમેન્ટ્સનો સારી રીતે અભ્યાસ કરવાની બિડર્સને સલાહ આપવામાં આવે છે.
- ટેન્ડર ડોક્યુમેન્ટમાં દર્શાવ્યા મુજબ નિર્ધારિત સમયમર્યાદામાં બિડર્સ તેમના પ્રશ્નોને નિયત નમુનામાં નિર્દિષ્ટ ઈમેલ આઈડી પર ઈમેલ કરી શકે છે.

## પાત્રતા

- ગુજરાત ગૌણ ખનિજ છુટછાટ નિયમો, ૨૦૧૭ મુજબ બિડર્સ ભારતીય નાગરીક હોવો અથવા ભારતીય કંપની હોવી જરૂરી છે.
- બિડર્સની નેટ વર્થ ચોક્કસ બ્લોકના ટેન્ડર ડોક્યુમેન્ટમાં દર્શાવેલ રકમ જેટલી અથવા તેનાથી વધારે હોવીજોઇએ.
- બિડર્સે નોંધ લેવી જોઈએ કે તેણે તેની ટેક્નિકલ બિડના ભાગરૂપે નેટ વર્થનુ પ્રમાણપત્ર જમા કરાવવાનુ રહેશે અને નીચે દર્શાવેલ દ્વારા ઇસ્યુ કરેલુ હોવુ જોઈએ,
  - કંપનિના કિસ્સામાં વૈધાનિક ઑડીટર (the statutory auditor).
  - વ્યક્તિગત કિસ્સામાં ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ (CA).
- ટેન્ડર ડોક્યુમેન્ટમાં સૂચવ્યા પ્રમાણે અન્ય શરતો પૂરી કરતો હોવો જોઈએ.

## ટેક્નિકલ બિડ

- ટેક્નિકલ બિડના ભાગરૂપે ટેન્ડર ડોક્યુમેન્ટમાં દર્શાવ્યા મુજબના નમુનામાં અને જણાવેલ સુચનાઓ મુજબ નીચેના ડોક્યુમેન્ટસ જમા કરવાનો રહેશે.
  - બિડ લેટર: (બિડર ચોક્કસ ખનિજ બ્લોકના ટેન્ડર દસ્તાવેજમાં નિર્દેશન કર્યા મુજબ શરતોનું પાલન કરશે તેવી બિડરની સ્પષ્ટ બાંહેધરી) વ્યક્તિગત કિસ્સામાં વ્યક્તિ દ્વારા અથવા બિડર્સ જો કોઇ કંપની હોય તો તે કિસ્સામાં કંપનીના અધિકૃત વ્યક્તિની સહી કરેલ હોવી જોઇએ.
  - બિડ સિક્યુરીટી: બિડ જમા કરવા માટેની છેલ્લી તારીખથી 240 દિવસથી ઓછી ન હોય તેવા સમયગાળા માટે બેંક ગેરંટી જમા કરવાની રહેશે.

- પાવર ઓફ એટર્નિ (મુખત્યારનામુ): જો બિડર કંપની હોય તો ચોક્કસ કોર્પોરેટ અધિકૃતતા મુજબ અધિકૃત વ્યક્તિનુ પાવર ઓફ એટર્ની રજુ કરવાનુ રહેશે.
- સોગંદનામુ: નોટરી કરેલ સોગંદનામુ રજુ કરવાનુ રહેશે.
- - ટેન્ડર ડોક્યુમેન્ટમાં દર્શાવ્યા મુજબના અને લાગુ પડતા અન્ય સંબંધિત દસ્તાવેજો જેવા કે નેટ વર્થ પ્રમાણપત્ર, ઈનકોર્પોરેશનનું પ્રમાણપત્ર, ઓપરેટ કરવા માટે સંમતિ સહિત ઉલ્લેખિત એન્ડ યુઝ પ્લાન્ટની વિગતો વિગેરે.

ટેક્નિકલ બિડ ઈલેક્ટ્રોનિક ફોર્મેટમાં (ઈ-ઓક્શન પોર્ટલ પર ) અને સ્થુળ રીતે (સીલબંધ કવરમાં) એમ બન્ને રીતે જમા કરાવવાની રહેશે.

## બોલીઓ (બિડીંગ) ના પરિમાણો

- બોલીઓ(બિડીંગ) ના પરિમાણો એ નિકાસ કરેલ ખનિજના મુલ્યની ટકાવારી છે.
- ટેન્ડર ડોક્યુમેન્ટમાં દર્શાવ્યા મુજબ નિકાસ કરેલ ખનિજના મુલ્યનીલઘુત્તમ ટકાવારી તે 'બેસ પ્રિમિયમ' છે.
- બિડરે નિકાસ કરેલ ખનીજના મુલ્યની ટકાવારી પ્રમાણે બેસ પ્રિમિયમના મુલ્ય જેટલા અથવા તેનાથી વધુ ભાવ આપવાના રહેશે. (દા.ત. બેસ પ્રિમિયમ ૫% હોય તો બિડરે ૫% અથવા તેનાથી વધુ ટકાવારી(%)માં ભાવ આપવાના રહેશે).
- સફળ બિડર દ્વારા ચુકવવાનુ હરાજીનુ પ્રિમિયમ A અને B ના સરવાળા જેટલુ રહેશે.

A. નિકાસ કરેલ ખનિજનુ મુલ્ય **અને**

B. સફળ બિડરે ટકાવારીમાં ભરેલ ભાવ

## ઉદાહરણ | બિડર દ્વારા ચૂકવવાપાત્ર હરાજી પ્રીમિયમ

| વર્ણન | વિગત |
|---|---|
| રાજ્ય સરકાર દ્વારા પ્રકાશિત કરેલ ખનિજની વેચાણ કિંમત | રૂ.૧૦૦ પ્રતિ ટન |
| એક માસમાં કરેલ ખનિજ નિકાસ | ૧૦,૦૦૦ ટન |
| નિકાસ કરેલ ખનિજનુ મુલ્ય | ૧૦૦ X ૧૦,૦૦૦ |
| સફળ બિડર દ્વારા બોલાયેલા ટકાવારીનો ભાગ | **૧૦%** |
| પ્રતિ માસ લીઝ ધારક દ્વારા ભરવાપાત્ર **ઓક્શન પ્રિમિયમ*** | ૧૦૦ X ૧૦,૦૦૦ X **૧૦%** |
| | રૂ. ૧ લાખ |

**** ઓક્શન પ્રીમિયમ એ રોયલ્ટી અને ડીએમએફના યોગદાનની ઉપરાંત ચૂકવવાપાત્ર છે***

## હરાજીની પ્રક્રિયા

**ઈ-હરાજીની પ્રક્રિયા નીચે દર્શાવ્યા મુજબ બે તબક્કામાં આગળ વધશે.**

**ઈ-હરાજીનો પ્રથમ તબક્કો:-**

- ડીઝીટલ સિગ્નેચર સર્ટિફિકેટ (DSC) નો ઉપયોગ કરી બિડરે ટેક્નિકલ બિડ અને શરૂઆતી પ્રિમિયમ ઓફર (IPO) બિડ જમા કરાવવાની નિયત કરેલ તારીખ સુધીમાં અથવા તે પહેલા જમા કરાવવાની રહેશે. (દા.ત. ટેકનિકલ બિડ જમા કરવાની છેલ્લી તારીખ)
  - ટેક્નિકલ બિડ ઈલેક્ટ્રોનિક ફોર્મેટમાં (ઈ-ઓક્શન પોર્ટલ પર ) અને સ્થુળ રીતે (સીલબંધ કવરમાં) એમ બન્ને રીતે જમા કરાવવાની રહેશે.
  - IPO (બેસ પ્રિમિયમ કે તેનાથી વધુ) ફક્ત ઈલેક્ટ્રોનિક ફોર્મેટમાં (ઈ-હરાજી પોર્ટલ પર) જમા કરાવવનો રહેશે.

- જમા કરાવેલ IPO ડિઝીટલી એનક્રિપ્ટ કરવામાં આવશે.
- જો બિડર દ્વારા IPO સ્થુળ રીતે (સીલબંધ કવરમાં) જમા કરાવવામાં આવશે તો બિડર ગેરલાયક ઠરી શકે છે અને ટેક્નિકલ બિડ રદ કરવાને પાત્ર ઠરશે

- ટેક્નિકલ બીડોનુ મુલ્યાંકન કર્યા બાદ ટેક્નિકલી ક્વોલીફાઇડ બિડરો(TQB) ની યાદી તૈયાર કરવામાં આવશે.
- જમા કરાવેલ IPO આધારે ઉતરતાક્રમમાં TQB ને ક્રમાંક (Rank) આપવામાં આવશે.
  - પ્રથમ ૫૦% ક્રમ ધરાવતા TQB અથવા ટોચના ૫ TQB બન્નેમાંથી જે વધારે હશે તે ક્વોલીફાઇડ બિડરો (QB) બનશે અને ઈ-હરાજીના બીજા તબક્કા માટે આગળ વધશે.
  - ફક્ત QB ને વ્યક્તિગત રીતે જાણ કરવામાં આવશે.
- જો TQB અથવા QB ત્રણ કરતા ઓછા હેશે તો હરાજીની પ્રક્રિયા રદ થશે.

નોંધ: સમગ્ર હરાજીની પ્રક્રિયા ઈ-હરાજી પોર્ટલ પર ઇલેક્ટ્રોનિક મોડમાં જ હાથ ધરવામાં આવશે સિવાય કે જ્યાં ભૌતિક પ્રક્રિયા ખાસ રીતે ઉલ્લેખ કરવામાં આવે.

**ઈ-હરાજીનો બીજો તબક્કો:-**

- પ્રથમ તબક્કામાં મળેલ સૌથી ઉંચો IPO બીજા તબક્કા માટે ફ્લોર પ્રિમિયમ (તળીયાનો ભાવ) બનશે.
- ક્વોલીફાઇડ બિડરે (QB) ઓક્શન પોર્ટલ પર અંતિમ પ્રિમિયમ ઓફર (FPO) રજુ કરવાની રહેશે જે ફ્લોર પ્રિમિયમ(તળીયાનો ભાવ) કરતા વધુ હશે અને હરાજી પુર્ણ થાય ત્યાં સુધી તે સુધારી શકાય છે.
  - સફળ હરાજી માટે બીજા તબક્કામાં ઇ-હરાજી પોર્ટલ પર ઓછામાં ઓછો એક FPO આવવો જરૂરી છે.
  - ઇ-હરાજી બંધ થાય તે સમય સુધી QB હરાજી પ્રમાણભૂત વિન્ડો દરમિયાન (લગભગ ૧ થી ૨ કલાક) તેના FPO મૂકવા માટે સમર્થ હશે.
  - જો કોઈ બિડર ઈ-હરાજી બંધ થવાના સમય પહેલાં છેલ્લી ૮ મિનિટમાં તેનો FPO રજુ કરશે તો હરાજીની પ્રક્રિયા છેલ્લી મળેલ બિડથી આપોઆપ ૮ મિનિટ લંબાઇ જશે.

- જે ક્વોલીફાઇડ બિડર (QB) ઈ-હરાજીના બીજા તબક્કામાં સૌથી વધુ FPO રજુ કરશે તેને ઈ-હરાજીના નિષ્કર્ષ બાદ તુરંત જ પ્રિફ્રર બિડર (PB) જાહેર કરવામાં આવશે.

**ઉદાહરણ**




## ક્વોરી લીઝ મંજુરી

- પ્રિફ્રર બિડર (PB) એ ઈરાદાપત્ર મેળવવા અપફ્રન્ટ પેમેન્ટનો પ્રથમ હપ્તો ભરવાનો રહેશે.
- ઈરાદાપત્ર આપ્યા બાદ PB સક્સેસફુલ બિડર (SB) બનશે.
- ટેન્ડર ડોક્યુમેન્ટમાં ઉલ્લેખ કરેલ ચોક્કસ સમયમર્યાદામાં SB એ નીચેની શરતો સંતોષવાની રહેશે.
  - પાત્રતાની શરતો પરિપુર્ણ કરવી;
  - પર્ફોર્મન્સ સિક્યુરીટી અને નાંણાકિય ખાતરી આપવી;
  - મંજુર થયેલ માઈનિંગ પ્લાન જમા કરાવવો;
  - સંશોધન ખર્ચની ચુકવણી, જો લાગુ પડતુ હોય તો;

- ખાણકામ શરૂ કરવા માટે જરૂરી મંજૂરીઓ મેળવવી; અને
- ટેન્ડર ડોક્યુમેન્ટમાં ઉલ્લેખ કરેલ અન્ય તમામ શરતો સંતોષવી.

- ઉપરોક્ત શરતો સંતોષ્યા પછી SB એ અપફ્રન્ટ પેમેન્ટનો બીજો હપ્તો ચુકવવાનો રહેશે, જેના આધારે ક્વોરી લીઝ મંજુરીનો લેખીત હુકમ આપવામાં આવશે.
- SB એ ક્વોરી લીઝનું કરારખત કરવાનુ રહેશે અને કરારખત કર્યા તારીખ થી ૩૦ દિવસમાં કરારખતનુ રજિસ્ટ્રેશન કરવાનુ રહેશે.
- જે તારીખે યોગ્ય રીતે અમલ કરાયેલા કરારખતનું રજિસ્ટ્રેશન થશે, તે ક્વોરી લીઝ શરૂ થયા તારીખ ગણાશે.

## લીઝ ધારકની નાણાંકિય પ્રતિબધ્ધતા

- એક સમયની નાણાંકિય પ્રતિબધ્ધતા
  - અપફ્રન્ટ પેમેન્ટ: અપફ્રન્ટ પેમેન્ટ બે હપ્તામાં ચૂકવવાપાત્ર છે, ૨૦% નો પ્રથમ હપ્તો અને ૮૦% નો બીજો હપ્તો.
  - નિયમોની અનુસુચી-III માં ઉલ્લેખ કરેલ ભાગ A-II અથવા ભાગ B માં દર્શાવેલ ખનિજો માટે આ રકમ ચોક્કસ બ્લોકના ટેન્ડર ડોક્યુમેન્ટમાં દર્શાવેલ હશે.
  - નિયમોની અનુસુચી-III માં ઉલ્લેખ કરેલ ભાગ A-I માં દર્શાવેલ ખનિજો માટે આ રકમ ઈ-હરાજીના નિષ્કર્ષ બાદ જણાવવામાં આવશે .
- આવર્તક (રિકરીંગ) નાણાંકિય પ્રતિબધ્ધતા
  - પરફોર્મન્સ સિક્યુરીટી જે બેંક ગેરન્ટી અથવા સિક્યુરીટી ડીપોઝીટ સ્વરૂપે
  - નિયમોની અનુસુચી-III માં ઉલ્લેખ કરેલ ભાગ A-II અથવા ભાગ B માં દર્શાવેલ ખનિજો માટે આ મુલ્ય ચોક્કસ બ્લોકના ટેન્ડર ડોક્યુમેન્ટમાં દર્શાવેલ હશે.
  - નિયમોની અનુસુચી-III માં ઉલ્લેખ કરેલ ભાગ A-I માં દર્શાવેલ ખનિજો માટે આ મુલ્ય ઈ-હરાજીના નિષ્કર્ષ બાદ જણાવવામાં આવશે .
  - દરેક ખનિજ માટે રોયલ્ટી (અથવા ડેડ રેન્ટ) જે લાગુ પડે તે
  - GMMCR,2017 ના નિયમ-૫ અનુસાર હરાજીનુ પ્રિમિયમ.
  - ડિસ્ટ્રિક્ટ મીનરલ ફાઉન્ડેશનમાં યોગદાન
  - અન્ય કોઈ પણ કાયદા હેઠળ ની જરૂરી રકમો.

## અગત્યની સુચના

- આ પુસ્તિકા ગુજરાત ગૌણ ખનિજ છુટછાટ નિયમો, ૨૦૧૭ હેઠળ કલ્પના કરેલી ઈ-હરાજીની પ્રક્રિયાની જાણકારી માટે ઈસ્યુ કરેલ છે. આ પુસ્તિકા GMMCR, 2017 ના નિયમોમાં ઈ-હરાજીની પ્રક્રિયા માટે કરેલ કલ્પના ને ફક્ત ને ફક્ત ગુજરતી ભાષામાં સમજુતી ના હેતુસર તૈયાર કરવામાં આવેલ છે. આ પુસ્તિકા સામાન્ય માહિતીના હેતુ માટે જ જારી કરવામાં આવે છે.
- આ પુસ્તિકા દ્વારા ગુજરાત સરકાર કંઈ પણ ભલામણ અથવા કાનૂની અથવા રોકાણની સલાહ આપવાનો હેતુ દર્શાવતુ નથી. આ પુસ્તિકા ગૌણ ખનિજના ઈ-હરાજીની સંપુર્ણ બાબતોને આવરી લેતુ નથી કે ગૌણ ખનિજના બ્લોક લેવા રસ ધરાવનાર માટેની ઈ-હરાજી પ્રક્રિયામાં ભાગ લેવાની તમામ બાબતોનો સમાવેશ થતો નથી.
- આ પુસ્તિકાના ઉપયોગથી અથવા તેના આધારે પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે, કોઈ પણ કિંમત, ખર્ચ અથવા ખોટ, નાણુ રોકનારને થાય તો તે માટે ગુજરાત સરકાર અને તેના કર્મચારીઓ, એજન્ટો અથવા પ્રતિનિધિઓ અથવા કન્સલ્ટન્ટ આવા કોઈ પણ પ્રકારના નુકસાનો માટે જવાબદાર ગણાશે નહીં.
- ગૌણ ખનિજની ઈ-હરાજીમાં ભાગ લેવા માટે સંભવિત બિડરોએ અથવા રસ દાખવનાર અન્ય કોઈ પણ વ્યક્તિ કે કંપનીએ ગુજરાત ગૌણ ખનિજ છુટછાટ નિયમો, ૨૦૧૭ (Gujarat Minor Mineral Concession Rules, 2017) અને સમય સમય પર તેમાં થતા સુધારા તેમજ ચોક્કસ ટેન્ડર ડોક્યુમેન્ટનો અભ્યાસ કરવાનો રહેશે.
- આ પુસ્તિકા સામાન્ય માહિતીના હેતુ માટે જ ઈસ્યુ કરવામાં આવેલ છે. કોઈ પણ વ્યક્તિ કે કંપની દ્વારા આ પુસ્તિકાનો કાયદાકીય રીતે કે અન્ય કોઈ પણ રીતે, કોઈ પણ જગ્યાએ ઉપયોગ કરી શકાશે નહી.